155

તાત્કાલિક.

ક: બકર-૧૯૭૮-૪૦૨૨૮-હ,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૨મી જુલાઈ, ૧૯૭૮.

પ્રતિ,

સમાજ કલ્યાણ નિયામકશ્રી,
ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

વિષય:-સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોને પ્રમાણપત્રો આપવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વેના, આપના તા. ૧૬-૬-૭૮ના પત્ર ક્ર. સક-બક-૧૦૫, ના અનુસંધાનમાં જણાવવાનું કે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેનુ જે પ્રમાણપત્ર મંજૂર કરવામાં આવ્યું છે તેના બે ભાગ છે. પહેલા ફકરામાં ઉમેદવાર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત છે તે અંગેનું પ્રમાણપત્ર છે અને બીજા ફકરામાં ઉમેદવારના માતાપિતા અથવા વાલીની બધા સાધનોમાંથી થતી વાર્ષિક આવક રૂ. ૪૮૦૦ થી વધતી નથી તે અંગેનું પ્રમાણપત્ર છે. જેઓને ફક્ત સરકારી નોકરીઓમાં અનામત જગ્યાઓની અથવા શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત જગ્યાઓનો લાભ લેવો હોય, તેઓએ ફક્ત ફકરા-૧ માં જણાવેલું પ્રમાણપત્ર લેવાનું રહે છે. આવા કેસોમાં ફકરા-૨ માંનું પ્રમાણપત્ર લેવું જરુરી નથી. તેથી આવા કેસોમાં પ્રમાણપત્રની ફકરો-૨ રદ કરવી. પરંતુ જેઓને અનામત જગ્યાઓના તથા શિષ્યવૃત્તિઓ અને પરીક્ષા ફી-ની-બંનેના-લાભ લેવાનો હોય તેઓએ ફકરા-૧ અને ફકરા-૨ વાળું આખું પ્રમાણપત્ર મેળવવાનું રહે છે.

(૨.) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના પ્રમાણપત્રમાં, ફકરા-૨ નું પ્રમાણપત્ર આવક અંગેનું છે. આ વિભાગના તા. ૬-૪-૭૮ના ઠરાવ ક્ર. બીસીઆર-૧૦૭૮-૨૨૪૫૮-હ, અન્વયે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓને ફક્ત સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના જ્ઞાતિ/વર્ગ/સમૂહ અંગેના પ્રમાણપત્રો આપવા માટે અધિકૃત કર્યા છે. તેઓને આવક અંગેનું ફકરા-૨ માંનું પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત કર્યા નથી. આથી જ્યારે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ આ અંગેનું પ્રમાણપત્ર આપે ત્યારે, આ અંગેના પ્રમાણપત્રની ફકરો-૨ તેઓએ અચૂક રદ કરવી જોઈએ. સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ સિવાયના અન્ય સક્ષમ અધિકારીશ્રીઓ, આ અંગેના પ્રમાણપત્રના બંને ફકરાઓની બાબતો અંગે પ્રમાણપત્ર આપી શકે છે.

૨. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટેના તથા આર્થિક રીતે પછાતવર્ગો

માટેના પ્રમાણપત્રોમાં નીચે મુજબ ફેરફાર કરવો:-

(૧.)સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના ગુજરાતી પ્રમાણપત્રમાં રાષ્ટ્રીય મુદ્રાના સિક્કા નીચે ।।પત્રક નં. ૧।। લખવું અને અંગ્રેજી પ્રમાણપત્રમાં પણ એ જ રીતે "Statement No.1" લખવું.

:૨: આર્થિક રીતે પછાત વર્ગ અંગેના ગુજરાતી પ્રમાણપત્રમાં રાષ્ટ્રીય મુદ્રાના સિક્કા નીચે ।।પત્રક નં. ૨।। લખવું, અને અંગ્રેજી પ્રમાણપત્રમાં પણ એ જ રીતે "Statement No.2" લખવું.

(૩)સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અંગેના ગુજરાતી પ્રમાણપત્રમાં, તેના નીચેના ભાગમાંથી,।।X ફક્ત શૈક્ષણિક સવલતો માટે।।ના શબ્દો કાઢી નાંખવા અને તેને બદલે "X જેમને શૈક્ષણિક શિષ્યવૃત્તિઓ તથા પરીક્ષા ફી ની જરુર નથી તેમના માટે ફકરા-૨ માં જણાવેલ આવકના પ્રમાણપત્રની જરુર નથી।। શબ્દો ઉમેરવા.

(૪)સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના અંગ્રેજી પ્રમાણપત્રમાં તેના નીચેના ભાગમાંથી, "X Only for educational facilities"

વાળા શબ્દો કાઢી નાંખવા અને તેને બદલે " * The certificate, as mentioned in para -2 above, is not necessary for those, who do not want educational scholarships and examination fee"

શબ્દો ઉમેરવા.

(૫) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેના ગુજરાતી પ્રમાણપત્રમાં।।શ્રી/શ્રીમતી/કુમારી।। શબ્દો પછી થોડી જગ્યા છોડી, ।।જ્ઞાતિ/વર્ગ/સમૂહ।। શબ્દો પહેલાં, ।।પીતે।। શબ્દ ઉમેરવો અને થોડી ખાલી જગ્યા છોડવી.(આ અંગે આ વિભાગના તા. ૧૫-૬-૭૮ના ઠરાવ ક્ર.બકર/૧૨૭૮-૨૩૯૯૩-છ, સાથેનું પત્રક નં. ૧ જોવા વિનંતી)

૩. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોને પ્રમાણપત્રો આપવા સક્ષમ અધિકારીઓ તરફથી આ વિભાગને એવી ફરિયાદો કરવામાં આવી છે કે તેઓને આ અંગેના પ્રમાણપત્રો ના નમૂનાઓ મળ્યા નથી. આથી તેઓને આ અંગેના પ્રમાણપત્રોના નમૂનાઓ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. આ અંગેના અંગ્રેજી પ્રમાણપત્રો ના નમૂનાઓ પણ તાત્કાલિક છપાવીને તેઓને તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે. છપાવેલા અંગ્રેજી પ્રમાણપત્રોના નમૂનાઓની ૧૦-૧૦ નકલો આ વિભાગને પણ મોકલી આપવા વિનંતી છે.

૪. ઉપરોક્ત બાબતો અંગે તાત્કાલિક કાર્યવાહી કરવા અને તેની જાણ આ વિભાગને કરવા વિનંતી છે.

એસ. એમ. દિવાન
ઉપસચિવ,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ
વિકાસ વિભાગ.

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે રવાના:-

બધા કલેકટરો/ બધા જિલ્લા વિકાસ અધિકારીશ્રી.

બધા નાયબ / મદદનીશ કલેકટરો.

બધા તાલુકા વિકાસ અધિકારીઓ,
બધા નાયબ જીલ્લા વિકાસ અધિકારીઓ,
બધા જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીઓ/ રાજ્ય / અને (પંચાયત)
બધા મામલતદારો.

નકલ જાણ અર્થે રવાના:-

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

% હરિજન કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી (વધારાની પાંચ નકલો સાથે)

સંસદીય સચિવશ્રી (હરિજન કલ્યાણ) ના અંગત મદદનીશશ્રી.

કે.